**અનુસુચિત જનજાતિના શંકાસ્પદ પ્રમાણપત્રોની ખરાઇ કરવા માટે આદિજાતિ વિકાસ ખાતા હસ્તક વિભાગીય વિશ્લેષણ સમિતિમાં મંજૂર થયેલ હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત.**

ગુજરાતસરકાર
આદિજાતિવિકાસવિભાગ
ઠરાવક્રમાંક :અજપ/૧૧૨૦૧૮/ન.બા.૨/ચ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૦૯/૦૪/૨૦૨૧

**વંચાણેલીધા :-**

૧) નામદાર સુપ્રિમ કોર્ટ, નવી દિલ્હીની સ્પે.સીવીલ અપીલ નં.૫૮૫૪/૧૯૯૪નો ચુકાદો
૨) સામાજિક ન્યાય અને અધિકારીતા (આ.વિ) વિભાગના ઠરાવ ક્રમાંક-અજપ/૧૦૯૭/૧૬૪૯/ચ, તા.૨૦/૦૭/૨૦૦૦
૩) આ વિભાગના ઠરાવ ક્રમાંક-અજપ/૧૯૯૭/૧૬૪૯/ચ, તા.૨૮/૦૫/૨૦૧૦
૪) આ વિભાગનો તા.૦૪/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: અજપ/૧૧૨૦૧૮/ન.બા.૨/ચ
૫) આ વિભાગનો તા.૨૯/૦૮/૨૦૧૮નો સુધારા ઠરાવ ક્રમાંક: અજપ/૧૧૨૦૧૮/ન.બા.૨/ચ
૬) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૧૬/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: આવિ/મકમ/૦/ફા.નં.૩૩૧૩/૨૦૨૧/૨૦૬

**આમુખ:**

વંચાણે લીધા ક્રમાંક -(૨) હેઠળના ઠરાવથી રાજ્યમાં અનુસૂચિત જનજાતિના જાતિ પ્રમાણપત્ર ધારકોના કિસ્સામાં શંકાસ્પદ પ્રમાણપત્રોની ખરાઈ અને માન્યતા નક્કી કરવા માટે રાજ્ય કક્ષાની વિશ્લેષણ સમિતિ નિમવામાં આવેલ છે. જેની પુન:રચના વંચાણે લીધા ક્રમાંક-(૩) હેઠળના ઠરાવથી કરવામાં આવેલ.

વિભાગના વંચાણે લીધા ક્રમાંક: ૪ પરના ઠરાવથી વડોદરા ખાતે વિભાગીય વિશ્લેષણ સમિતિની રચના કરવામાં આવેલ. જેમાં વંચાણે લીધા ક્રમાંક: ૫ પરના ઠરાવથી સુધારો કરવામાં આવેલ.

વંચાણે લીધેલ ક્રમાંક:૬ પરના પત્રથી વડોદરા ખાતે રચાયેલ વિભાગીય વિશ્લેષણ સમિતિ માટે મંજૂર થયેલ નીચે મુજબની જગ્યાઓ ચાલુ રાખવા બાબતે કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ એ દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા |
|---|---|---|---|
| ૧ | સંયુકત કમિશનર | ૧ | ૧ |
| ૨ | મદદનીશ કમિશનર | ૧ | ૧ |
| ૩ | સંશોધન અધિકારી | ૨ | ૧ |
| | | કુલ સરવાળો | ૩ |

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે ઉપર જણાવેલ પત્રકમાંની કુલ ૦૩ (ત્રણ) હંગામી જગ્યાઓ પૈકી સંશોધન અધિકારીની ૦૧(એક) જગ્યા એક વર્ષથી ત્રણ વર્ષના સમયથી ખાલી હોઈ ૦૧ (એક) જગ્યાને એબેયન્સમાં મુકવાની શરતે તથા સંયુક્ત કમિશનરશ્રીની ૦૧(એક) અને મદદનીશ કમિશનરશ્રીની ૦૧(એક) એમ કુલ-૦૨(બે) હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવની અન્ય શરતો અગાઉના તા.૦૪/૦૪/૨૦૧૮ અને તા.૧૨/૦૩/૨૦૨૦ના સમાનાંકી વંચાણે લીધેલા ક્રમાંક: ૪ અને ૫ ઠરાવ મુજબ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૩૧/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ મોદી)
**નાયબ સચિવ**
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, વડોદરા.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.